ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# જ્ઞાન કલશ

**લવાજમ વિનાનું માસિક ઈ મેગેઝિન**




વર્ષ : ૧

સળંગ અંક નં : ૨

નવે : ૨૦૧૫

**સંપાદક**

વિનોદ પટેલ

ઉપશિક્ષક તલોદગામ પ્રાથમિક શાળા

તા: તલોદ, જિ: સા.કાં.

http://vinodpateltalodgam.blogspot.in

**સહ સંપાદક**

વર્ષા પટેલ

ઉપશિક્ષક તલોદગામ પ્રા. શાળા

## આ અંકમાં

૧. અંતરના દ્વારેથી

૨. આત્મ ચિંતન

૩. ભારતની સામાન્ય માહિતી

૪. વિજ્ઞાનના સાધનો

૫. બુદ્ધિઆંક વર્ગીકરણ, માપન

૬. સોમનાથ, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ

૭. વીસરાયેલી ક્ષણો ઓકટો : ૨૦૧૫

૮. માસના મહત્વના દિવસો

**અસફળતા તો સફળતાનો આધાર છે, તેને સપનાનું કબ્રસ્તાન ન બનવા દો.**

વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉપયોગી માહિતી પૂરું પાડતું લવાજમ વિનાનું માસિક ઈ મેગેઝીન

# જ્ઞાન ઝલક

વર્ષ : ૧ અંક : ૨

નવેમ્બર – ૨૦૧૫

‘જ્ઞાન ઝલક’ દર માસની ૧ થી ૧૦ તારીખ સુધીમાં ઓનલાઈન બ્લોગ ઉપર પ્રકાશિત કરવામાં આવશે.

‘જ્ઞાન ઝલક’ ને ઓનલાઈન

http://vinodpateltalodgam.blogspot.in

પરથી ડાઉનલોડ કરી શકો છો.

## વાચક મિત્રોને

- આ સામયિકનું નિર્માણ શૈક્ષણિક હેતુ માટે કરેલ છે.
- પ્રાથમિક શિક્ષણ / શિક્ષકોને / વિદ્યાર્થીઓને ઉપયોગી નવીન બાબતો, પ્રેરણાદાયી વાતો આવકાર્ય છે.
- આપ આપણા લેખો ઈ મેઈલ એડ્રેસ ઉપર મોકલી શકો છો.
- જે તે લેખ અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.
- આપણા પ્રતિભાવો, સૂચનો સ્વીકાર્ય છે.

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર નમસ્કાર

દિપાવલી પર્વના પવિત્ર આગમન ટાણે ‘જ્ઞાન ઝલક’ નો દ્વિતીય અંક આપ સમક્ષ મૂકી રહયો છું. આ અંકમાં બાળકો અને શિક્ષકોને લક્ષમાં રાખીને કેટલીક માહિતી રજૂ કરેલ છે.

આત્મચિંતન દ્વારા પ્રેરણાત્મક પ્રસંગ, ભારતની સામાન્ય માહિતી, બુદ્ધિઆંક વિશ્લેષણ, જયોતિર્લિંગની માહિતી, વિજ્ઞાનના સાધનો, ગત માસના મહત્વના બનાવો જેવા જ્ઞાન સભર મુદ્દાઓને આવરી લઈ માહિતીનો રસથાળ આપની સમક્ષ વ્યકત કરવા પ્રયત્ન કરેલ છે.

ગત માસના અંકને આપ સહુ વાચક મિત્રો તરફથી અભૂતપૂર્વ સાથ અને સહકાર મળેલ છે. આપ સહુના સૂચનો અંકના નિર્માણ માટે અગત્યના છે.

આશા છે કે ‘જ્ઞાન ઝલક’નો આ અંક આપ સૌને ઉપયોગી સાબિત થશે.

આભાર સહ

વિનોદ પટેલ

## આત્મ ચિંતન

# અનેરી ભૂલ

એક વૃદ્ધ અનુભવી સુથાર હતો. એક વખત પરદેશમાં ચાલતા મિશનરી કામ માટે સ્થાનિક ચર્ચમાંથી અનાથ આશ્રમ માટે ઘણી બધી જીવન જરૂરિયાતોની વસ્તુઓ મોકલવાની હતી. વૃદ્ધ સુથાર આ સેવાના કામમાં સ્વૈચ્છિક સેવા આપવા જોડાયો. તેના અનુભવના કારણે તેના ભાગે પેકિંગ ડિપાર્ટમેન્ટ આવ્યું હતું. તેણે ચીજવસ્તુઓ ભરેલ લાકડાંની બધી પેટીઓ પેક કરવાની હતી.

એક દિવસ સખત કામ કરીને ઘરે પાછા ફરતાં ખબર પડી કે ચશ્મા નથી મળતા. તેને લાગ્યું કે ચોકકસ પેટીઓ પેક કરતાં ધ્યાન બહાર ચશ્મા ખીસ્સામાંથી કોઈ પેટીમાં પડી ગયા હોવા જોઈએ.

હવે શું કરવું? પેટીઓ તો બધી પેક થઈને રવાના થઈ ગઈ હતી અને ચશ્મા કઈ પેટીમાં પડયા હોય તે પણ કેવી રીતે ખબર પડે?

વૃદ્ધ સુથાર પાસે નવા ચશ્મા લેવા માટે તાત્કાલિક એટલી રકમ ન હતી. તેણે ઈશ્વરને કહયું હું સેવા માટે રોકાયો હતો અને સેવા કરતાં મને સજા મળી. હવે ચશ્મા વગર હું કામ ધંધો કેવી રીતે કરી શકીશ? આ બરાબર નથી. તે હતાશ થઈ ગયો.

આ વાતને લગભગ વર્ષ વીતી ગયું હશે ત્યારે પરદેશથી આવેલ મિશનના વડાએ જે લોકોએ મદદ કરી તે બધાનો આભાર વ્યકત કરવા સભા બોલાવી. વડાએ સભામાં કહયું, બધી વસ્તુઓ માટે ખૂબ ખૂબ આભાર. જે લોકોએ સેવાયજ્ઞમાં ફાળો આપેલ છે તેમને ઈશ્વરના આર્શીવાદ મળશે જ. પરંતુ તમે જે ચશ્મા મોકલ્યા તે બહુજ કામમાં આવ્યા. ખરેખર ચશ્મા માટે હું ખૂબ આભારી છું. પરદેશની સરકારે અમારા અનાથ આશ્રમમાં બધુ જ નષ્ટ કરી દીધેલ અને તેમાં મારા ચશ્મા પણ નષ્ટ થઈ ગયેલ.

હું ચશ્મા વગર ખૂબ હેરાન થઈ ગયેલ. ગમે તેટલા પૈસા આપતાં પણ ચશ્મા મળે તેમ ન હતા. રોજ ચશ્મા વગર મને માથાનો દુખાવો રહેતો. ચશ્મા વગર હું કામ કરી શકતો નહીં અને હેરાન થઈ ગયેલ.

તે દરમ્યાન તમારી પેટીઓ આવી ખોલી ત્યારે એક જોડ ચશ્મા તમે મોકલેલ મળી આવ્યા. જે બે ધાબળાની વચ્ચે સારી રીતે ગોઠવેલા હતા. જયારે મેં ચશ્મા પહેર્યા ત્યારે બરાબર મારી આંખના નંબર પ્રમાણે જ નીકળ્યા. આ ચશ્મા માટે તમારો ખૂબ આભાર.

આ સાંભળી સ્થાનિક ચર્ચના અધિકારીઓ મૂંઝવણ અનુભવવા લાગ્યા. તેમને લાગ્યું કે આપણે તો ચશ્મા મોકલ્યા નથી. તો આ ચશ્મા કોણે મોકલ્યા? વળી આટલી બધી ચીજવસ્તુઓ મોકલી તે લીસ્ટમાં ચશ્મા હતા કે નહીં તેની પણ કોઈને ખબર નહોતી. તો આ કેવી રીતે બન્યું?

છેલ્લા ખૂણામાં બેઠેલ વૃદ્ધ સુથારે આ સાંભળ્યું, ત્યારે તેની આંખમાંથી આંસુ નીકળી આવ્યા. તેને લાગ્યું કે મારા જેવા સામાન્ય સુથાર દ્વારા ઈશ્વરે મારી પાસે અનેરી ભૂલ કરાવીને મદદ કરી દીધેલ અને તે માટે મને નિમિત્ત બનાવેલ.

**(નાના સરખા બનાવથી ઘણીવાર આપણે ઈશ્વરનો દોષ કાઢતા હોઈએ છીએ. મનોમન નિરાશ થઈએ છીએ પણ કદાચ તે સારા માટે હોઈ શકે.** *There are times we want to blame God instead of thanking.)*

# ભારતની સામાન્ય માહિતી

- ક્ષેત્રફળ : ૩૨,૮૭,૨૬૩ ચો.કિ.મી.
- અક્ષાંશ : ૮.૪˚ ઉત્તર થી ૩૭.૬˚ ઉત્તર
- રેખાંશ : ૬૮.૭˚ પૂર્વથી ૯૭.૨૫˚ પૂર્વ
- ઉત્તરથી દક્ષિણ વિસ્તાર : ૩૨૧૪ કિ.મી.
- પૂર્વથી પશ્ચિમ વિસ્તાર : ૨૯૩૩ કિ.મી.
- દરિયા કિનારો : ૭૫૧૭ કિ.મી.
- પ્રમાણ સમય રેખા : ૮૨.૫˚ પૂર્વ રેખાંશ
- રાષ્ટ્રીય રાજધાની : દિલ્લી
- રાષ્ટ્રીયતા : ભારતીય
- રાષ્ટ્રભાષા : હિન્દી
- રાષ્ટ્રધ્વજ : ત્રિરંગો
- રાષ્ટ્રગીત : જનગનમણ
- રાષ્ટ્રીયગાન : વંદે માતરમ્
- રાષ્ટ્રીય મુદ્રા : ચાર સિંહોની આકૃતિ
- રાષ્ટ્રીય મુદ્રા લેખ : સત્યમેવ જયતે
- રાષ્ટ્રીય પ્રાણી : વાઘ
- રાષ્ટ્રીય પક્ષી : મોર
- રાષ્ટ્રીય ફળ : કેરી
- રાષ્ટ્રીય ફૂલ : કમળ
- રાષ્ટ્રીય વૃક્ષ : વડ
- રાષ્ટ્રીય રમત : હોકી
- રાષ્ટ્રીય પંચાંગ : ચૈત્ર સુદ એકમથી
- રાજયો : ૨૯
- કેન્દ્રશાસિત પ્રદેશ : ૭ (દિલ્લી સહિત)
- સ્વતંત્રતા : ૧૫ ઓગસ્ટ ૧૯૪૭
- બંધારણનો અમલ : ૨૬ જાન્યુ. ૧૯૫૦
- બંધારણીય વડા : રાષ્ટ્રપતિ
- કાર્યકારી વડા : વડાપ્રધાન
- શાસન પ્રણાલી : સંસદીય લોકશાહી
- સ્વતંત્ર ભારતના પ્રથમ ગર્વનર : લૉર્ડ માઉન્ટ બેટન
- સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગર્વનર : ચક્રવર્તી રાજગોપાલાચારી
- પ્રથમ રાષ્ટ્રપતિ : ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
- પ્રથમ ઉપરાષ્ટ્રપતિ : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
- પ્રથમ વડાપ્રધાન : જવાહરલાલ નહેરુ
- પ્રથમ નાયબ વડાપ્રધાન : વલ્લભભાઈ પટેલ
- પ્રથમ લોકસભા સ્પીકર : ગણેશ વાસુદેવ માવળંકર
- હાલના રાષ્ટ્રપતિ : ડૉ. પ્રણવ મુખરજી
- હાલના ઉપરાષ્ટ્રપતિ : હમીદ અંસારી
- હાલના વડાપ્રધાન : નરેન્દ્ર મોદી
- હાલના લોકસભા સ્પીકર : સુમિત્રા મહાજન
- લોકસભાની સભ્ય સંખ્યા : ૫૪૫
- રાજયસભાની સભ્ય સંખ્યા : ૨૫૦
- સૌથી લાંબી નદી : ગંગા
- સૌથી મોટું સરોવર : વુલર (કાશ્મીર)
- સૌથી ઉંચો બંધ : ભાખરા નાંગલ
- સૌથી મોટો કિલ્લો : દિલ્લીનો લાલ કિલ્લો
- સૌથી મોટો રાષ્ટ્રીય એવોર્ડ : ભારત રત્ન
- સૌથી મોટો સેના એવોર્ડ : પરમ વીર ચક્ર
- પ્રથમ રેલ્વે : મુંબઈ અને થાણા વચ્ચે (૧૮૫૩)
- ભારતમાં પંચાયતી રાજની શરૂઆત : રાજસ્થાન (નાગૌર જિલ્લામાં)
- સૌથી વધુ વરસાદ : ચેરાપુંજી, મોનસીરમ (મેઘાલય)

# વિજ્ઞાનના સાધનો

- ❖ વેરિયોમિટર : વિમાન ચડ ઉતર માપક સાધન
- ❖ ફોટોમીટર : પ્રકાશ માપક સાધન
- ❖ બેરોસ્કોપ : હવાના દબાણનો ફેરફાર બતાવતું સાધન
- ❖ ગાયરોસ્કોપ : પૃથ્વીના ભ્રમણની અસર બતાવતું સાધન
- ❖ ગેલ્વેનોસ્કોપ : વિધુતપ્રવાહની સ્થિતી દર્શાવતું સાધન
- ❖ કેસ્કોગ્રાફ : વનસ્પતિને થતા સંવેદનો દર્શાવતું સાધન
- ❖ ઓપ્ટોફોન : આંધળો માણસ છાપેલું પુસ્તક વાંચી શકે તેવું સાધન
- ❖ હાઈડ્રોફોન : પાણીની અંદર અવાજનો વેગ માપતું સાધન
- ❖ હાઈગ્રોમીટર : હવામાં રહેલો ભેજ માપવાનું સાધન
- ❖ પ્લુવિયોમીટર : વર્ષામાપક સાધન
- ❖ રિફેક્ટોમીટર : વક્રીકારકતા માપક સાધન
- ❖ સ્ફેરોમીટર : ગોળાકાર માપક સાધન
- ❖ મેખમીટર : પરાધ્વનિ વેગ માપક સાધન
- ❖ બેરોમીટર : વાયુભાર માપક સાધન
- ❖ વાઈનોમીટર : મદિરામાં મધાર્ક માપક સાધન
- ❖ લેક્ટોમીટર : દૂધ ઘનતા માપક સાધન
- ❖ પ્લેનિમીટર : સમતલ ફલ માપક સાધન
- ❖ ડેન્સીમીટર : ઘનતા માપક સાધન
- ❖ પિરહેલીયોમીટર : સૂર્ય કિરણ માપક સાધન
- ❖ ગ્રેવીમીટર : ગુરુત્વમાપક સાધન
- ❖ ગોનિયોમીટર : કોણમાપક સાધન

# બુદ્ધિઆંક વર્ગીકરણ, માપન

## ➢ ટર્મનના મતે બુદ્ધિકક્ષા આધારિત માણસોનું વર્ગીકરણ

| બુદ્ધિઆંક | બુદ્ધિ કક્ષા |
|---|---|
| ૧૪૦ થી ઉપર | પ્રતિભાશાળી |
| ૧૨૦ થી ૧૪૦ | પ્રખર બુદ્ધિ |
| ૧૧૦ થી ૧૨૦ | તીવ્ર બુદ્ધિ |
| ૯૦ થી ૧૧૦ | સામાન્ય બુદ્ધિ |
| ૮૦ થી ૯૦ | મંદ બુદ્ધિ |
| ૭૦ થી ૮૦ | નિર્બળ બુદ્ધિ |
| ૫૦ થી ૭૦ | અલ્પ બુદ્ધિ |
| ૨૫ થી ૫૦ | મૂઢ |
| ૨૫ થી નીચે | મહા મૂર્ખ |

➢ સ્ટર્ન નામના મનોવૈજ્ઞાનિકના મતે બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર

$$\text{બુદ્ધિ આંક} = \frac{\text{માનસિક વય}}{\text{શારિરીક વય}} \times 100$$

- સર આલ્ફ્રેડ બિને અને થિયોડોર સાયમને વિશ્વમાં સૌ પ્રથમ બુદ્ધિમાપન કસોટી રચી હતી.
- ડૉ. પ્રેમિલા ફાટકે ભારતમાં 'માણસ દોરો' કસોટીની રચના કરી હતી. તેમજ તેનું ગુજરાતીમાં રૂપાંતર કર્યુ હતું.
- સ્વ. ડૉ. કે.જી. દેસાઈએ ભારતમાં અને ગુજરાતમાં સૌ પ્રથમ સમૂહ બુદ્ધિમાપન કસોટીની રચના કરી હતી.
- સર આલ્ફ્રેડ બિને બુદ્ધિમાપનના પિતા ગણાય છે.
- બુદ્ધિ અંગેનો દ્વિ અવયવનો સિદ્ધાંત સ્પિયરમેને આપ્યો.
- થર્સ્ટને બુદ્ધિના સ્વરૂપ અંગે ત્રિપરિમાણ મોડેલ આપ્યું.
- અમેરિકન લશ્કર દ્વારા સમૂહ બુદ્ધિમાપન કસોટીની રચના કરવામાં આવી હતી.
- સ્ટેનફર્ડ બિને બુદ્ધિમાપન કસોટીનું ગુજરાતીમાં રૂપાંતર જે.એચ.શાહે કર્યુ હતું.
- ડૉ. ગણવંત શાહે ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓ માટે સમૂહ બુદ્ધિમાપન કસોટીઓની રચના કરી હતી.



# સોમનાથ જ્યોતિર્લિંગ



ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે સોમનાથનું ભવ્ય મંદિર આવેલું છે. ભગવાન શિવજીના ૧૨ પવિત્ર જ્યોતિર્લિંગમાનું એક જ્યોતિર્લિંગ અહીં સોમનાથમાં છે. સોમનાથનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ થયો છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લૂંટ તથા ધર્માચરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે તેને ફરીથી બાંધવામાં આવ્યું છે.

સોમનાથનું પહેલું મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે. ઇ.સ. ૬૪૯ની સાલમાં વલ્લભીના રાજામૈત્રકે પહેલાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના સ્થાને બીજું મંદિર બનાવ્યું. ૭૨૫ની સાલમાં સિંધના આરબશાસક જૂનાયદે તેની સેના લઈ મંદિર પર હુમલો કરી મંદિરનો નાશ કર્યો હતો. પ્રતિહાર રાજા નાગ ભટ્ટ બીજાએ ૮૧૫માં ત્રીજી વખત લાલ પથ્થર (રેતીયો પથ્થર) વાપરી મંદિરનું નિર્માણ કર્યું. ૧૦૨૬ની સાલમાં મહંમદ ગઝનીએ સોમનાથના મંદિરના કિંમતી ઝવેરાત અને મિલ્કતની લૂંટ કરી હતી. લૂંટ કર્યા પછી, મંદિરના અસંખ્ય યાત્રાળુઓની કતલ કરી અને મંદિરને સળગાવી તેનો વિનાશ કર્યો. ૧૦૨૬-૧૦૪૨ના સમયમાં માળવાના પરમાર રાજા ભોજ તથા અણહિલવાડના સોલંકી રાજા ભીમદેવે ચોથા મંદિરનું નિર્માણ કર્યું. ૧૨૯૭ની સાલમાં જ્યારે દિલ્લી સલ્તનતે ગુજરાતનો કબજો કર્યો ત્યારે સોમનાથનો વિનાશ કરવામાં આવ્યો. ૧૩૯૪માં તેનો ફરીથી વિનાશ થયો. ૧૭૦૬ની સાલમાં મોગલ સાશક ઔરંગઝેબે ફરીથી મંદિર તોડી પાડ્યું.

ભારતના લોખંડી પુરૂષ તથા પહેલા નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે નવેમ્બર ૧૩, ૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી. આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું. આજના મંદિર ને સ્થાને હતી જે મસ્જીદ તેનેથી થોડી દૂર લઈ જવાઈ છે. જ્યારે ડીસેમ્બર ૧, ૧૯૯૫ના દિવસે આ મંદિરનું પુનઃનિર્માણ સમાપ્ત થયું ત્યારે તે સમયના ભારતના રાષ્ટ્રપતિ ડૉ. શંકર દયાળ શર્માએ દેશને મંદિર સમર્પિત કર્યું. ૧૯૫૧માં જ્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠાન કરવાની વિધી કરી ત્યારે તેમણે કહ્યું કે, "સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે. હાલમાં ટ્રસ્ટનાં ચેરમેન ભુતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ છે. અને સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં

ચાલુક્ય શૈલીથી બાંધેલું આજનુ "કૈલાશ મહામેરુ પ્રાસાદ મંદિર" ગુજરાતના સોમપુરા કારીગરોની કલાનું અદભૂત પ્રદર્શન કરે છે. છેલ્લા ૮૦૦ વર્ષમાં આ પ્રકારનું નિર્માણ થયું નથી. સાગર કિનારે આવેલા સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે, મંદિર તથા પૃથ્વીના દક્ષિણ ધ્રુવની વચ્ચે ફક્ત સમુદ્ર જ આવેલ છે અને કોઈ જમીન નથી.

# મલ્લિકાર્જુન જયોતિલિંગ





શ્રી મલ્લિકાર્જુન સ્વામીએ ભારતના આંધ્રપ્રદેશના શ્રી શૈલમમાં ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. આ સ્થાન ૨૭૫ પાદલ પેત્ર સ્થાનમાંનુ એક છે.

**કથા** જ્યારે ભગવાન શિવ અને પાર્વતીએ તેમના પુત્ર ગણેશ અને કાર્તિકેય કે મુરુગનના વિવાહ કરવાનું નક્કી કર્યું ત્યારે પ્રથમ વિવાહ કોના થશે તેના પર વિવાદ થયો. ભગવાન શિવ એ એવો નિવેડો લાવ્યો કે જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલો પાછો આવશે તેના વિવાહ પ્રથમ થશે. મુરુગન પોતાના વાહન પર આરુઢ થઈ પ્રદક્ષિણા માટે નીકળી પડ્યાં. તેઓ પાછા આવે તે પહેલા શ્રી ગણેશે માતા પિતાની પ્રદક્ષિણા વિશ્વની પ્રદક્ષિણા સમાન છે તે શાસ્ત્રોક્તિ અનુસાર તેમની સાત વાર પ્રદક્ષિણા કરી લીધી. ભગવાન શિવ એ વિશ્વરૂપનની પુત્રીઓ રિદ્ધિ અને સિદ્ધિના વિવાહ શ્રી ગણેશ સાથે કરી આપ્યાં. મુરુગન પાછા આવીને આ વાત ની જાણ થતાં ક્રોધે ભરાયા અને તેઓ તેઓ ક્રવુંજા નામના પર્વત પર કુમાર બ્રહ્મચારીના નામે એકલા રહેવાં ચાલ્યાં ગયાં. પોતાના પિતાને મનાવવા માટે આવતાં જોઈને તેઓ અન્ય સ્થળે ચાલ્યાં ગયાં, પણ દેવોની વિનંતિથી તેઓ ત્યાં પાસે જ રોકાયા. જે સ્થળે શંકર અને પાર્વતી રોકાયા તે સ્થળ શ્રી શૈલમ તરીકે ઓળખાય છે. એમ કહેવાય છે કે દર અમાસે શંકર મુરુગનની મુલાકાતે આવે છે અને દર પૂનમે પાર્વતી તેમને મળવા આવે છે. આ મંદિરનું દ્વાર પૂર્વ દિશામાં છે. કેંદ્રીય મંડપમાં ઘણાં સ્તંભો છે અને તેમાં નાડિકેશ્વરની ખૂબ મોટી મૂર્તિ છે. મહા શિવરાત્રિ આ મંદિરનો સૌથી મહત્વપૂર્ણ તહેવાર છે.

*સાભાર*

*'વિકિપીડિયા' માંથી*

# વીસરાયેલી ક્ષણો ઓકટો – ૨૦૧૫

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ ઓકટો | | ગુજરાતના વિરમગામના ૯૧ વર્ષીય સફાઈ કર્મચારી લીલાબેન છબીલદાસ ગુર્જરને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે 'આઈકોનિક મધર' એવોર્ડ અપાયો. સાથે હરિયાણાના ૧૦૪ વર્ષીય નાગરિક સહિત ૧૦ વયોવૃદ્ધોને 'નેશનલ સિનિયર સિટિજન' એવોર્ડ અપાયો. આ એવોર્ડ ભારતના સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય દ્વારા એનાયત થાય છે. |
| ૨ ઓકટો | | ભારતીય મૂળના અને ઈન્ફોસીસ ચાઈનાના મુખ્ય કાર્યકારી અધિકારી રંગરાજન વેલામોરને આઈટી ઉદ્યોગ ક્ષેત્રે ચીનના નાણાકીય પાટનગર એવા શાંગહાઈમાં આપેલા યોગદાનની કદર કરીને મેગેનોલિયા એવોર્ડ એનાયત કરાયો. આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય બન્યા. |
| ૩ ઓકટો | | રાજસ્થાનના ભકિત શર્મા અને તેમના માતા તેમજ કોચ લીના શર્માએ ૨૦૦૮ માં ઈંગ્લેન્ડથી ફ્રાંસ સુધીની ઈંગ્લિશ ચેનલ તરીને ૧૮ કલાકમાં પસાર કરી હતી. તેમના આ સાહસ બદલ તેમના નામો લિમ્કા બૂકમાં સામેલ કરવામાં આવ્યા. |
| ૪ ઓકટો | | ભારતના જમ્મુ કશ્મીરના ચાંગ લામાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)એ એકિસ્ટ્રમ ઓલ્ટિટયુટ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી. આ સંશોધન કેન્દ્ર દરિયાની સપાટીથી ૧૭,૬૦૦ ફૂટ ઉંચાઈ પર આવેલું અને વિશ્વનું સૌથી વધુ ઉંચાઈએ આવેલું આવેલું સંશોધન કેન્દ્ર છે. |
| ૫ ઓકટો | | આયરલેન્ડમાં જન્મેલા વિલિયમ કેમ્પબેલ, જાપાનના સાતોશી ઓમુરા અને ચીનની યૂયૂ તુ વોનને પરોપજીવીઓને કારણે થતી બિમારીઓ (પેરેસાઈટ ઈન્ફેકશન) નું નિદાન શોધવા બદલ આ વર્ષના નોબલ મેડિસિન પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી. |
| ૬ ઓકટો | | મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા રચિત પુસ્તક 'એ મને હંમેશાં યાદ રહેશે' નું સ્વામી આધ્યાત્માનંદજી હસ્તે ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું. |
| ૭ ઓકટો | | શરીરમાં ખામીયુકત DNA કોષો કેવી રીતે રિપેર કરે છે તેની શોધ કરનારા સ્વીડનના લિન્ડહલ, અમેરિકાના મોડ્રિચ અને તુર્કિશના અમેરિકી સનકારને વર્ષ ૨૦૧૫ માટેનું કેમેસ્ટ્રીનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું. |
| ૮ઓકટો | | રશિયાના ચર્નોબિલની અણુ દુર્ઘટના અને બીજા વિશ્વ વિગ્રને શબ્દદેહ આપનાર બેલારુસનાં સ્વેતલાના એલેગ્ઝેઈવિચને વર્ષ ૨૦૧૫ નું સાહિત્ય માટેનું નોબલ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું. સાહિત્યનું નોબલ પ્રાઈઝ મેળવનારા સ્વેતલાના ૧૪ મા મહિલા છે. |
| ૯ ઓકટો | | ટયૂનિશિયામાં વર્ષ – ૨૦૧૧ પછી લોકશાહી સ્થાપવામાં મહત્વનું યોગદાન આપનારી સંસ્થા નેશનલ ડાયલોગ કવાર્ટેટને આ વખતના નોબેલ શાંતિ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવી. આ સંસ્થાએ ૨૦૧૧ ની આરબ ક્રાન્તિ પછી ટયૂનિશિયાની પ્રજાના 'અવાજ' તરીકે કામ કરીને લોકશાહીના મૂલ્યોનો પાયો નાંખવામાં સિંહ ફાળો આપ્યો હતો. |
| ૧૦ ઓકટો | | રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ત્રણ દેશોની વિદેશ યાત્રાના ભાગરૂપે જોર્ડનની મુલાકાત લીધી. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૧ ઓક્ટો | | વડાપ્રધાને ૨૬ મી નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી. |
| ૧૨ ઓક્ટો | | વ્યક્તિગત વપરાશની અર્થતંત્ર પર અસર અંગે સંશોધન કરવા બદલ બ્રિટિશ અર્થશાસ્ત્રી એન્ગસ ડિટનને ઈકોનોમિકસનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું. |
| ૧૩ ઓક્ટો | | ચીન દ્વારા બ્રહમપુત્રા નદી પર બનેલ 'જૈમ હાઈડ્રોપાવર સ્ટેશન'નો પ્રારંભ કરવામાં આવ્યો. આ હાઈડ્રોપાવર સ્ટેશન વિશ્વમાં સૌથી વધારે ઉંચાઈ પર આવેલ છે. |
| ૧૪ ઓક્ટો | | મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા ગુજરાતમાં ૧૬ નવી ચેનલનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ચેનલો મારફતે વિદ્યાર્થીઓ, યુવાનો, કારીગરો, ખેડૂતો, શ્રમિકો, મહિલાઓને માહિતી પૂરી પાડવામાં આવશે. |
| ૧૫ ઓક્ટો | | નાણાંમંત્રી અરુણ જેટલીને લંડનના બિઝનેસ મેંગેઝીન 'ઈમર્જિંગ માર્કેટ્સ' તરફથી 'ફાઈનાન્સ મિનિસ્ટર ઓફ ધી યર, એશિયા'ના પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. |
| ૧૬ ઓક્ટો | | તમિલનાડુમાં આવેલ રામેશ્વર શહેરને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે અટલ મિશન યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો. |
| ૧૭ ઓક્ટો | | મુખ્યમંત્રી આનંદીબેન ધ્વારા 'ડિઝિટલ ગુજરાત' અન્વયે નાગરિક સુવિધાના ઓટો ડી.સી.આર પ્રોજેક્ટ, ઓનલાઈન પ્રોફેશનલ ટેક્સ પેમેન્ટ સિસ્ટમ અને ઓનલાઈન જન્મ મૃત્યું પ્રમાણપત્ર વ્યવસ્થાનો શુભારંભ કરવામાં આવ્યો. |
| ૧૮ ઓક્ટો | | ગ્રામીણ વિકાસના વિવિધ મુદ્દાઓ અંગે સંશોધન કરવા માટે અમદાવાદની આઈઆઈએમ સંસ્થા ખાતે 'નાબાર્ડ ચેર એકમ' શરૂ કરવામાં આવ્યું. |
| ૧૯ ઓક્ટો | | એડમીનીસ્ટ્રેટર વી.કે.મલહોત્રાને કેન્દ્ર સરકાર દ્વારા 'ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ સ્પોર્ટ'ના હેડ નક્કી કરવામાં આવ્યા. |
| ૨૦ ઓક્ટો | | ભારતીય ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી. |
| ૨૧ ઓક્ટો | | કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ૨૦૦ કરોડ રૂપિયાની પ્રારંભિક ધન રાશિ સાથે 'કેન્દ્રિય પીડિત મદદ કોષ' નાની યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. |
| ૨૨ ઓક્ટો | | વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આંધ્રપ્રદેશની રાજધાની 'અમરાવતી'ની આધારશિલા રાખવામાં આવી. જે કૃષ્ણા નદીને કિનારે આવેલી છે. |
| ૨૩ ઓક્ટો | | વિશ્વનો પ્રથમ પેરાગ્લાયડીંગ વિશ્વકપ હિમાચલ પ્રદેશના કાંગરા જિલ્લામાં શરૂ થયો. |
| ૨૪ ઓક્ટો | | મધ્યપ્રદેશના ઈન્દોરમાં ત્રીજું આંતરરાષ્ટ્રીય ધર્મસંમેલન શરૂ થયું. |
| ૨૫ ઓક્ટો | | નવી દિલ્હીમાં ભારત આફ્રિકા શિખર પરિષદ શરૂ થઈ. જેમાં ૫૪ દેશના નેતાઓએ ભાગ લીધો. |
| ૨૬ ઓક્ટો | | અમેરિકામાં ભારતીય મૂળના અનિતા અડાલજાનું કૃષિ ક્ષેત્રે સંશોધન કરવા બદલ સન્માન કરવામાં આવ્યું. અડાલજાએ કૃષિ ક્ષેત્રે ટકાઉ અને પર્યાવરણનો સામનો કરી શકે તેવા પાક અંગે સંશોધન કરેલ હતું. |
| ૨૭ ઓક્ટો | | ફેસબુકના સ્થાપક માર્ક ઝકરબર્ગે ભારત યાત્રાના ભાગરૂપે આગ્રાના જગવિખ્યાત તાજમહાલની મુલાકાત લીધી. |
| ૨૮ ઓક્ટો | | નેપાળમાં ૨૪૦ વર્ષની રાજાશાહીના અંત પછી પ્રજાસત્તાક બનેલા નેપાળમાં દેશના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે વિદ્યાદેવી ભંડારી ચૂંટાઈ આવ્યા. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૮ ઓક્ટો | | બિઝનેસ કરવાની સરળતાની બાબતમાં ભારત ગત વર્ષની સરખામણીમાં ૧૨ ક્રમની છલાંગ લગાવીને ૧૮૯ દેશોમાંથી ૧૩૦ મા ક્રમે આવી ગયું. વર્લ્ડ બેંકના રિપોર્ટ અનુસાર સિંગાપોર પ્રથમ, ન્યૂઝીલેન્ડ બીજા અને ડેન્માર્ક ત્રીજા ક્રમે છે. |
| ૨૯ ઓક્ટો | | આજનો દિવસ વિશ્વ ઈન્ટરનેટ દિવસ તરીકે ઉજવાય છે. |
| ૩૦ ઓક્ટો | | આગામી વર્ષે એશિયા કપની યજમાની બાંગ્લાદેશને આપવામાં આવી. ૨૪ ફેબ્રુઆરીથી ૬ માર્ચ દરમ્યાન એશિયા કપ રમાશે. |
| ૩૧ ઓક્ટો | | આજનો દિવસ એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. |

જ્ઞાન ઝલક

## માસના મહત્વના દિવસો

| | |
|---|---|
| ૯ નવે | વિધિક સેવા દિવસ |
| ૧૪ નવે | બાળ દિવસ, વિશ્વ મધુપ્રમેહ દિવસ |
| ૧૭ નવે | રાષ્ટ્રીય મિરગી દિવસ |
| ૧૮ નવે | સૈપર્સ દિવસ |
| ૧૯ નવે | નાગરિક દિવસ |
| ૨૦ નવે | આફ્રિકા ઔધોગિકરણ દિવસ |
| ૨૬ નવે | ભારતીય બંધારણ દિવસ |
| ૨૯ નવે | ફિલિસ્તાનીઓ પ્રતિ વિશ્વ સહાનુભૂતિ દિવસ |




## પત્ર વ્યવહારનું સરનામું

વિનોદ પટેલ
ઉપશિક્ષક તલોદગામ પ્રા. શાળા
તાઃ તલોદ, જિઃ સાબરકાંઠા
પિનઃ ૩૮૩૨૧૫
મોઃ ૯૪૨૬૫૯૭૮૯૨
http://vinodpateltalodgam.blogspot.in
E-mail: patelvinod456@gmail.com

TO,

-----------------------------------

-----------------------------------

-----------------------------------

PIN.